ગુજરાતમિત્ર
તથા ગુજરાતમિત્ર સ્થાપના:૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

સાપુતારા ઘાટમાં ડીની બ્રેક ફેઈલ

સાપુતારા-માલેગામ ઘાટ માર્ગ પર બ્રેક ફેલ થતાં ટેમ્પોને ટક્કર મારી બસ ખાડામાં ખાબકી

ચાલકની સમજૂતીથી મોટી જાનહાનિ ટળી, વાહનોની ટેક્નિકલ ચકાસણી સામે સવાલો ઉઠ્યા


ગિરીશ ભોયે



સાપુતારા : ડાંગ જિલ્લાના સાપુતારા-માલેગામ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા જોખમી ઘાટ માર્ગમાં નાસિકથી પાટણ તરફ જતી એસ.ટી. બસને અકસ્માત નડ્યો હતો.

બસની બ્રેક ફેલ થઈ જતાં આગળ જઈ રહેલા આઈસર ટેમ્પોને જોરદાર ટક્કર મારી બાદ એસ.ટી. બસ માર્ગની બાજુમાં આવેલા ખાડામાં ખાબકી હતી.

નાસિકથી સાપુતારા થઈ પાટણ તરફ જઈ રહેલી એસ.ટી. બસ સાપુતારા-માલેગામ ઘાટ માર્ગ પરથી પસાર થઈ રહી હતી. તે દરમિયાન અચાનક બસની બ્રેક ફેલ થઈ જતાં ચાલકે બસ પરનો કાબૂ મેળવવા પ્રયાસ કર્યો હતો. જોકે, બસ આગળ જઈ રહેલા આઈસર ટેમ્પો સાથે અથડાઈ હતી. બસની ટક્કરથી આઈસર ટેમ્પો માર્ગની બાજુમાં આવેલા વૃક્ષ સાથે અથડાતાં ટેમ્પો ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્મિક પરિસ્થિતિમાં એસ.ટી. બસના ચાલકે સમયસૂચકતા દાખવી બસને વધુ ગંભીર અકસ્માતથી બચાવવાનો પ્રયાસ કરતાં મોટી જાનહાનિ ટળી હોવાનું જાણવા મળે છે. બનાવને પગલે માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

સાપુતારા-માલેગામનો ઘાટ માર્ગ વળાંકો અને ઢોળાવને કારણે પહેલેથી જ જોખમી ગણાય છે. ત્યારે જાહેર પરિવહનની બસમાં બ્રેક ફેલ થવાની ઘટના વાહનોની ટેક્નિકલ ચકાસણી અને સલામતી વ્યવસ્થા સામે પણ સવાલો ઊભા કરે છે. ખાસ કરીને ઘાટ માર્ગો પર દોડતી એસ.ટી. બસોની નિયમિત ટેક્નિકલ તપાસ વધુ કડક બનાવવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે.

વાપીમાં ફટાકડાના વેપારી સામે ભારે ધોંઘાટવાળા ફટાકડા રાખવા માટે ગુનો નોંધાયો

વાપી : દિવાળીના તહેવારમાં ફટાકડા ફોડવા પર નિયંત્રણ અંગે પણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ત્યારે વાપી નેશનલ હાઈવે પાસે વાઈબ્રન્ટ ગ્રેઈન માર્ટમાં 44 નંબરની દુકાનમાં અર્બુદા કેર્કસના નામે ફટાકડા વેચનાર વેપારી ભરત માલીએ ભારે ધોંઘાટવાળા બાંધેલા ફટાકડાની મોટી લેર તેમજ વધુ એનીમેશનવાળા ફટાકડા તપાસ દરમિયાન મળી આવ્યા હતા. અર્બુદા કેર્કસના માલિકે સંતોષકારક જવાબ ન આપતા તેમજ પરવાનગીમાં જણાવ્યા કરતા મોટા પ્રમાણમાં ફટાકડાનો જથ્થો રાખ્યો હતો. રોડ ઉપર આવતા જતા લોકો માટે અડચણરૂપ થાય તેવો મંડપ બાંધ્યો હોવાથી પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

વાપીની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ શરૂ થતાં નાણાં મંત્રી કનુભાઈએ નિરીક્ષણ કર્યું



વાપી : વાપીમાં રૂપિયા ૪૮.૨૨ કરોડના ખર્ચે ૧૫૦ બેડની નવનિર્મિત સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરાયુ હતું. આ નવનિર્મિત સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની મુલાકાત ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ કરી હતી. જેમાં વિવિધ વોર્ડ અને ડિપાર્ટમેન્ટની મુલાકાત લઈ નાગરિકોને અપાતી સુવિધાઓનું નિરીક્ષણ કરી જરૂરી સૂચના આપી હતી. કનુભાઈએ હોસ્પિટલમાં અપાતી તબીબી સારવાર માટે ઇન્ડોર તેમજ ઓપીડીના દર્દીઓને રૂબરૂ પૂછીને જાણકારી મેળવી હતી. આમ હોસ્પિટલમાં દર્દીઓને મળતી સારવાર અને સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે વાપી મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ સાથે વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ અને હોસ્પિટલના ડોક્ટરો અને એડમિનિસ્ટ્રેશનની ટીમ તેમજ અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કનુભાઈએ હોસ્પિટલના વિવિધ વોર્ડ અને ઓપરેશન થિયેટરોનું નિરિક્ષણ કર્યું હતું.

દીપાવલી પર્વમાં વિશ્વંભરી તીર્થયાત્રા ધામ દ્વારા નિરાધારોને અનાજ કીટનું નિઃશુલ્ક વિતરણ



વલસાડ : દીપાવલીના પવિત્ર અને ઉત્સાહભર્યા માહોલ વચ્ચે 'માં વિશ્વંભરી ધામ ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા વલસાડના રાબડા ગામના નિરાધાર પરિવારો અને વિધવા બહેનોને દીપાવલીની ખુશીઓમાં સામેલ કરવા માટે જીવનજરૂરી અનાજ અને ચીજવસ્તુઓની કીટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. નિરાધાર પરિવારો અને વિધવા બહેનો પણ તહેવારનો આનંદ ઉમંગભેર માણી શકે તે માટે તીર્થધામના સ્થાપક શ્રી મહાપાત્રના માર્ગદર્શન હેઠળ છેલ્લા એક દાયકા (૧૦ વર્ષ) થી સતત આ અનાજ કીટ વિતરણ સેવાકીય કાર્ય કરવામાં આવી રહ્યું છે. ટ્રસ્ટ દ્વારા ગ્રામીણ વિકાસ અને શિક્ષણ ક્ષેત્રે પણ ઉત્કૃષ્ટ કાર્યો કરવામાં આવે છે. શ્રી મહાપાત્રની ઉપસ્થિતિમાં યોજાયેલા માનવસેવાના આ કાર્યક્રમમાં ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, કિરીટભાઈ ડેડાણીયા, પંકજભાઈ પટેલ, રમેશભાઈ ડોબરિયા તેમજ રાબડા ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આમ, 'માં વિશ્વંભરી તીર્થયાત્રા ધામ' દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ ઉપરાંત સમાજ સુધારણા અને માનવ ઉત્થાનનું ઉત્કૃષ્ટ મહાઅભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

વારી એનર્જિઝ લિમિટેડના પ્લાન્ટ ખાતે દીપાવલી પર્વની ઉજવણી


ધર્મેશ પટેલ

ઘોજ : વારી એનર્જીઝ લિમિટેડ દ્વારા કંપનીના પ્લાન્ટ ખાતે દીપાવલીના પાવન પર્વની ભવ્યતા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આકર્ષક સજાવટ, રંગબેરંગી રોશની અને ઉત્સવમય વાતાવરણથી સમગ્ર પરિસર દીપાવલીના રંગે રંગાઈ ગયું હતું. આ પ્રસંગે કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર હિતેશભાઈ દોશીએ કર્મચારીઓનો ઉત્સાહ વધાર્યો હતો. અને સૌને દીપાવલીની શુભેચ્છાઓ પાઠવી હતી. હ્યુમન રિસોર્સિસ વિભાગના વડા તથા વાઇસ પ્રેસિડેન્ટ વિશાલ ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણીના ભાગરૂપે ભવ્ય રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિજેતા ટીમો માટે આકર્ષક અને ભવ્ય ઇનામોની વ્યવસ્થા કરવામાં આવી હતી. કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આ ઉજવણીને યાદગાર બનાવી હતી. ભવ્ય સજાવટ, રંગોળીની કલાત્મકતા, આકર્ષક ઇનામો અને ટીમ સ્પિરિટના સુંદર સંગમ સાથે વારી એનર્જીઝનો આ દીપાવલી મહોત્સવ કર્મચારીઓ વચ્ચે એકતા,પરસ્પર આદર અને સંગઠનભાવનાને વધુ મજબૂત બનાવતો યાદગાર પ્રસંગ બની રહ્યો હતો.

બીલીમોરા સ્વસ્તિક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા 3 હજાર માટીના દીવાઓનું વિનામૂલ્યે વિતરણ


કેરસી બારીયા

બીલીમોરા : દિવાળીના પર્વે સ્વદેશી વસ્તુઓના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને દરેક ઘર આંગણે પ્રકાશ પથરાય તેવા હેતુથી બીલીમોરાની જાણીતી સેવાભાવી સંસ્થા સ્વસ્તિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 3 હજાર માટીના દીવાઓ વિનામૂલ્યે વિતરણ કરાયા હતા. સ્વસ્તિક ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા ૧૫ વર્ષથી બીલીમોરા તેમજ આસપાસના વિસ્તારોમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે. ટ્રસ્ટ દ્વારા છેલ્લા નવ વર્ષથી દિવાળીના પર્વ નિમિત્તે ચાઈનીઝ દીવાઓના બહિષ્કાર અને સ્વદેશી માટીના દીવાઓના ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવવાની સાથે વિનામૂલ્યે દીવાઓનું વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે પણ 3 હજાર માટીના દીવાઓનું વિતરણ કરી સ્વદેશી કારીગરોને પ્રોત્સાહન આપવા સાથે દિવાળીના પર્વે દરેકના ઘર આંગણે પરંપરાગત દીવાઓનો પ્રકાશ ઝળહળે તેવો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બીલીમોરાના પોલીસ ઇન્સ્પેક્ટર અશ્વિન સરવૈયા, રોટરી ક્લબનાં નમિતાબેન, નવસારી જિલ્લા પંચાયતનાં કારોબારી ચેરમેન અમિતાબેન પટેલ તથા નવસારી જિલ્લા મહિલા મોરચાનાં પ્રમુખ સુમિત્રાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના પ્રમુખ દીપક દુસાને, બીરેન બલસારા, સુચેતા દુસાને, ક્રિષ્નાભાઈ ટંડેલ, વસંતભાઈ દીક્ષિત સહિત ટ્રસ્ટના સભ્યોએ ઉત્સાહપૂર્વક કામગીરી કરી હતી. દિવાળીના પર્વે સેવાભાવ, સ્વદેશી સંસ્કૃતિ અને સામાજિક એકતાનો સુંદર સંદેશ આપતી આ પહેલને લોકોએ આવકારી હતી.

બીલીમોરામાં આતશબાજીના તણખાથી બે દુકાનમાં આગ

આંતલિયા આઈટીઆઈ સામે ભરચક રહેણાંક વિસ્તારમાં આગથી લોકોમાં અજંપો

ફાયર વિભાગની એક કલાકની જહેમત બાદ આગ પર કાબૂ, ૧૦ લાખનું નુકસા


કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા નજીક આંતલીયા આઈટીઆઈ સામે હોલસેલ બજારમાં શુક્રવારે રાત્રે ફટાકડા આતશબાજીનો તણખો પડતા એકાએક આગ લાગી હતી. રહેણાંક વિસ્તારમાં બે દુકાનો સળગી ઉઠતા દિવાળી પર્વે લોકોમાં અજંપાની લાગણી વ્યાપી હતી.

બીલીમોરા આઈટીઆઈ સામે હનુમંત નાગર (૪૧, રહે. સોમનાથ રોડ બીલીમોરા) ઘર વપરાશની હોલસેલ બજારની બે દુકાનો ધરાવે છે. દરમ્યાન શુક્રવાર મોડી રાત્રે આતશબાજીનો તણખલો પ્લાસ્ટિક ઉપર પડ્યો હતો. જેને પગલે આગ લાગી હતી. બીલીમોરા ચીખલી રોડ લગોલગ ભરચક રહેણાંક વિસ્તારમાં આગે પવન સાથે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા માર્ગ ઉપરનો ટ્રાફિક થંભી ગયો હતો. અને લોકો ઘર બહાર દોડી આવ્યા હતા. આગને પગલે દસ લાખ રૂપિયાના નુકસાનનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. બીલીમોરા નગરપાલિકાના ફાયર ફાયટરો ઘસી આવ્યા હતા. એક કલાકની ભારે જહેમત બાદ આગ કાબૂમાં લીધી હતી. બીલીમોરા પોલીસે સતર્કતા દાખવી લોકટોળાને કાબુમાં લીધા હતા.

ડાંગ જિલ્લાનાં વનરક્ષક-વનપાલ કર્મીઓના આંદોલનનો અંત

સરકાર દ્વારા જોખમ ભથ્થું અને જિલ્લાફેર બદલી સહિતની માંગણીઓ સ્વીકારાઈ

લાંબા સમયથી પડતર પ્રશ્નોને લઈને ચાલતા રાજ્યવ્યાપી આંદોલનના પરિણામે વનકર્મીઓને મળ્યું રિસ્ક એલાઉન્સ


ગિરીશ ભોયે

સાપુતારા : ગુજરાત રાજ્યના વનરક્ષક અને વનપાલ કર્મચારીઓ દ્વારા લાંબા સમયથી પડતર વિવિધ પ્રશ્નો અને માંગણીઓના નિરાકરણ માટે ચલાવવામાં આવી રહેલા રાજ્યવ્યાપી આંદોલનનો આખરે સુખદ અંત આવ્યો છે. કર્મચારીઓએ પોતાના હક્ક અને ન્યાય માટે ગાંધી ચિંધ્યા માર્ગે શાંતિપૂર્ણ આંદોલન કર્યું હતું. તેમની એકતા અને સતત સંઘર્ષના પરિણામે રાજ્ય સરકારે હકારાત્મક નિર્ણયો લીધા છે.

સરકાર દ્વારા લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયો અનુસાર, ફિક્સ પગારના વનરક્ષક-વનપાલને માસિક રૂપિયા ૩,૫૦૦, નિયમિત વનરક્ષકને રૂપિયા ૪,૦૦૦ અને નિયમિત વનપાલને રૂપિયા ૫,૦૦૦ જોખમ ભથ્થું (રિસ્ક એલાઉન્સ) આપવામાં આવશે. આ ઉપરાંત, રજાઓનો પગાર બેઝિક પગાર વત્તા ડી.એ. (DA) મુજબ ચૂકવવામાં આવશે તેમજ નવેમ્બર મહિનાના અંત સુધીમાં જિલ્લાફેર બદલીઓ પૂર્ણ કરવામાં આવશે. વનપાલની સીધી ભરતી રદ કરવાની માંગણીના વિકલ્પરૂપે પ્રમોશનનો રેશિયો વધારવાનો અને મહેકમ વધારવાનો નિર્ણય પણ લેવાયો છે.

જોકે, ગ્રેડ પે વધારવાની માંગણી હાલ સરકાર દ્વારા અસ્વીકૃત રહી છે.

આ આંદોલન દરમિયાન ગુજરાતના વનકર્મીઓએ અભૂતપૂર્વ સંગઠનશક્તિનું પ્રદર્શન કર્યું હતું. આ સફળતા બદલ ડાંગ જિલ્લા વનરક્ષક કર્મચારી મંડળ, આહવા દ્વારા તમામ કર્મચારીઓ અને સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. તેમજ બાકી રહેલી ગ્રેડ પેની માંગણી અંગે ભવિષ્યમાં પણ યોગ્ય રજૂઆત ચાલુ રાખવાનો સંકલ્પ લેવાયો છે. આંદોલન પૂર્ણ થતાં તમામ કર્મચારીઓ પોતાની ફરજ પર પુનઃ હાજર થઈને જંગલ, વન્યજીવ અને પર્યાવરણના સંરક્ષણની કામગીરીમાં જોડાઈ ગયા છે.

આયુર્વેદીક તેમજ હોમિયોપેથીક સર્ટી.ધરાવી

એલોપેથીની પ્રેક્ટિસ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા

વાપીના ડુંગરા વિસ્તારમાં કરવડ પીએચસીના મેડીકલ ઓફીસરે પોલીસને સાથે રાખી બે ને ઝડપી લીધા

વાપી : વાપીના ડુંગરા વિસ્તારમાં બે તબીબોને કરવડ પીએચસીના મેડીકલ ઓફીસરે પોલીસને સાથે રાખી ખોટી રીતે એલોપેથી પ્રેક્ટિસ કરતા ઝડપી પાડ્યા હતા. આ બંને તબીબો પાસે આયુર્વેદીક તથા યુનાની મેડીસીનનું સર્ટીફીકેટ હોય તેમ છતાં પ્રમાણપત્ર વગર એલોપેથી દવાઓની પ્રેક્ટિસ કરતા ઝડપી પાડ્યા હતા.

વાપીના કરવડ પીએચસીના મેડીકલ ઓફીસર ડો.શિવમ બુટાણીએ ડુંગરા પોલીસને સાથે રાખીને કરવડમાં આશાપુરા કોમ્પલેક્ષ શોપ નં.૬માં પબ્લિક હેલ્થ કે નું બોર્ડ લગાડીને એલોપેથી પ્રેક્ટિસ કરતા મૂળ યુપીના ડોકટરને ઝડપી પાડ્યા હતો. ધ કાઉન્સીલ ઓફ હોમીયોપેથીક સિસ્ટમ ઓફ મેડીસીનનું હોમીયોપેથીક સર્ટીફીકેટ હોવા છતાં એલોપેથીની પ્રેક્ટિસ કરતા તેમજ ક્લીનકમાં આવતા દર્દીઓને ડ્રેસીંગ તથા એલોપેથી ઈન્જેકશન તથા બાટલ તેમજ દવાથી સારવાર કરતા હોવાનું જણાયું હતું. ડો.ઈકબાલ અહમદ નિયાઝ અહમદ ખાન સામે પોલીસે ગુનો નોંધી ૧.૬૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આજ રીતે કરવડમાં સાંઈ આસ્થા એપાર્ટમેન્ટના શોપ નં.૧માં ફેમીલી હેલ્થ ક્લિનીકનું બોર્ડ લગાડીને એલોપેથી પ્રેકટીશ કરતા મોહમદ રાશીદ અબ્દુલ રબ ખાનને કરવડ પીએચસીના મેડીકલ ઓફીસરની સાથે પોલીસે પહોંચીને કાર્યવાહી કરી હતી. મૂળ યુપીના ઝડપાયેલા તબીબ પણ આયુર્વેદીક તથા યુનાની મેડીસીનનું સર્ટીફીકેટ હોવા છતાં એલોપેથી દવાઓની પ્રેક્ટિસ કરી માનવ જીવનના સ્વાસ્થ્ય સાથે ચેડા કરી માનવ જિંદગી જોખમાય તે રીતે ગેરકાયદેસર પ્રેક્ટિસ કરતા ઝડપી પાડ્યા હતા.

વલસાડ હાઈવે પર વાહનની અડફેટે પત્રકારનું મોત

મોટી સરોણ ગામ પાસે રસ્તો ક્રોસ કરી રહેલા પત્રકારને પૂર ઝડપે આવી રહેલા વાહને ટક્કર મારી

વલસાડ : વલસાડ નજીક નેશનલ હાઈવે નંબર 48 પર ડાંગ જિલ્લામાં પત્રકાર તરીકે કાર્યરત 38 વર્ષીય યુવકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું છે. મોટી સરોણ ગામ પાસે આવેલી મહાદેવ હોટલ સામેના કટ નજીક રસ્તો ક્રોસ કરતી વખતે પૂરપાટ ઝડપે આવી રહેલા અજાણ્યા વાહને તેમને અડફેટે લીધા હતા.

ડાંગ જિલ્લાના પીપલપાડા ગામના વતની અને વલસાડની નંદાવાલા શિવ પૂજા સોસાયટીમાં રહેતા જઈદભાઈ દિનકરભાઈ પવાર ડાંગમાં પત્રકાર તરીકે ફરજ બજાવતા હતા. શુક્રવારે મોટાભાઈ સોમનાથભાઈ પવાર સાથે પોતપોતાની કાર લઈને આહવાથી વલસાડ આવવા નીકળ્યા હતા. રાત્રિના આશરે પોણા આઠથી આઠ વાગ્યાના સુમારે જઈદભાઈ વલસાડ તાલુકાના મોટી સરોણ ખાતે નેશનલ હાઈવે નંબર 48 પર મુંબઈથી સુરત તરફ જતા માર્ગ પર રસ્તો ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી તેમને જોરદાર ટક્કર મારી હતી.

આ ભીષણ અકસ્માતમાં જઈદભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને બંને પગમાં ફ્રેક્ચર થઈ જતાં મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી અજાણ્યો ચાલક ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ થતાં 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મૃતકના મોટાભાઈ સોમનાથભાઈ દિનકરભાઈ પવારે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી, પોલીસ ઇન્સ્પેક્ટર સુખવિન્દરસિંઘના માર્ગદર્શન હેઠળ ફરાર વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે.

નવસારી શહેરની કોર્ટના દરવાજે જ વૃક્ષો કપાયા

કમિશનરને આવેદન આપી જવાબદારો સામે પગલાં સાથે નવા વૃક્ષોના ઉછેરની માંગ



નવસારી : ન્યાયના મંદિર તરીકે ઓળખાતા નવસારી અદાલત પરિસરના મુખ્ય પ્રવેશમાર્ગ પર વૃક્ષો કાપી નાખવામાં આવતાં પર્યાવરણ સંરક્ષણનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. વૃક્ષછેદન માટે સક્ષમ સત્તાધિકારીની મંજૂરી લેવામાં આવી હતી કે કેમ તે અંગે તપાસ કરવાની માંગ સાથે કનુભાઈ સુખડીયા સહિતના પર્યાવરણપ્રેમીઓએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી છે.

રજૂઆતકર્તાઓએ જણાવ્યું છે કે શહેરમાં હરિયાળી જાળવવા માટે એક તરફ વૃક્ષારોપણનાં અભિયાનો ચલાવવામાં આવે છે, ત્યારે બીજી તરફ જાહેર પરિસરોમાં વર્ષો જૂનાં વૃક્ષો કપાતાં હોવાની ઘટનાઓ ચિંતાજનક છે.

અદાલત પરિસરના મુખ્ય માર્ગ પર થયેલા વૃક્ષછેદન અંગે વાસ્તવિક પરિસ્થિતિની તપાસ કરી મંજૂરી વિના વૃક્ષો કાપવામાં આવ્યા હોય તો જવાબદાર વ્યક્તિઓ સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. વધુમાં, કાપવામાં આવેલા વૃક્ષોની સંખ્યા અને ઉંમરને ધ્યાનમાં રાખીને તેટલી જ સંખ્યામાં યોગ્ય કદનાં વૃક્ષોનું વાવેતર કરાવવામાં આવે અને તેના ઉછેરની જવાબદારી પણ નક્કી કરવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે. આ ઘટનામાં કોઈ સરકારી અધિકારી કે કર્મચારીની ભૂમિકા સામે આવે તો તેની સામે ખાતાકીય તપાસ હાથ ધરવાની પણ માંગ ઉઠાવવામાં આવી છે. આ મામલે યોગ્ય તપાસ અને કાર્યવાહી નહીં થાય તો આગામી દિવસોમાં આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે. હવે મ્યુનિસિપલ તંત્ર આ રજૂઆતને કેટલી ગંભીરતાથી લઈને તપાસ હાથ ધરે છે તે જોવાનું રહેશે.

કચીગામમાં ધોળા દિવસે તસ્કરોનો આતંક

નવી ગાડી ખરીદવા ગયેલા વેપારીના ઘરેથી રૂપિયા ૧.૫૨ લાખની મત્તાની ચોરી

ઉમરગામ : ઉમરગામ તાલુકાના ભીલાડ નજીક આવેલા કચીગામમાં ધોળા દિવસે ઘરફોડ ચોરીની ઘટના સામે આવી છે, જેમાં તસ્કરોએ રૂપિયા 1,52,000 ની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા છે. કચીગામના બરી ફળિયામાં રહેતા અને કિરાણાની દુકાન ચલાવતા રાજેશ પટેલ પરિવાર સાથે વાપી ખાતે નવી ગાડીની ડિલિવરી લેવા માટે ગયા હતા. બપોરે ઘરે આવ્યા, ત્યારે કબાટનો લોક તૂટેલો જોવા મળ્યો હતો. કબાટમાંથી રોકડા રૂપિયા ૧,૧૦,૦૦૦ તેમજ સોનાની બુટ્ટી અને સોનાની ચેઈન સહિતના દાગીનાની ચોરી થઈ હતી. આ અંગે ઘરમાં લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કરતા અજાણ્યો બેડરૂમની બારીમાંથી પ્રવેશતો નજરે પડ્યો હતો. દિવાળીના સમયગાળા દરમિયાન ધોળા દિવસે બનેલી આ ચોરીથી સ્થાનિકોમાં ચિંતા વ્યાપી ગઈ છે.

આ બનાવ અંગે ભીલાડ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે અજાણ્યા ચોર ઈસમને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

જાહેર નોટીસ

મોજે: ઉગત, તા.જી. નવસારીની સીમમાં આવેલ ખાતા નંબર-૧૦૪૦, બ્લોક/સર્વે નં. ૧૯, ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૧૬-૧૯, આકાર રૂા. ૩.૫૦ પૈસા વાળી જમીનના માલિક **કલ્પેશભાઈ વાલજીભાઈ જગાણીયા** નાએ તેઓની સ્વતંત્ર માલીકીની તથા કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી સદર જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈના કાંઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સંબંધ, ગણોત હકક, દરમેલ હકક, ખાધાખોરાકી યા લીયનનાં હકકો યા ઈઝમેન્ટનાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂદ્ધ વાંધો હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહિત આ નોટીશ પ્રસિધ્ધિ થયેથી દિન-૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હકક, દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેચ કર્યા છે, તેવું માની હમારા અસીલ સદરહું જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં મિલકતનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

તા.૦૭-૧૧-૨૦૨૬ **કિરણ ભગુભાઈ પટેલ** (એડવોકેટ)
ચલમ ફળીયુ, મુ.પો. કરબાપાર, તા.જી. નવસારી. મો.: 9909097429

અમારા માનવતા ગ્રાહકોને દિવાળી તથા નૂતન વર્ષની હાર્દિક શુભકામના
• આજે રવિવારે શો-રૂમ ચાલુ છે. •
શોરૂમ સોમવાર થી બુધવાર 09, 10 અને 11 તારીખે બંધ રહેશે.
12 તારીખ ગુરૂવાર થી શોરૂમ રાબેતા મુજબ ચાલુ રહેશે.
આર. એ. પરીખ જ્વેલર્સ આંતલીયા, બીલીમોરા (પૂર્વ) મો.9825558181